રાજ્યમાં ૨૪ કલાકમાં વધુ નવા ૧૪૩૨ કેસ

છેલ્લા ૨૪ કલાકમાં ૧૬નાં મોત : અત્યાર સુધીમાં ૩૩૦૫ લોકોના મૃત્યુ થયા, ૧૦૨૫૭૧ લોકો ડિસ્ચાર્જ થયા : કુલ ૯૭ લોકો વેન્ટીલેટર ઉપર છે

ગાંધીનગર,તા.૧૯

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચી ચુક્યો છે. આજે રાજ્યમાં ૧૪૩૨ દર્દીઓ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૪૭૦ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૦૨૫૭૧ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૬૧૪૩૨ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૯૪૫.૧૧ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૩૭,૩૯,૭૮૨ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યના વિવિધ જિલ્લાઓના ૧૪૩૨ કેસ નોંધાયેલા છે.

આજ રોજ ૧૪૭૦ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૦૨,૫૭૧ દર્દીઓ સાજા થયા છે. રાજ્યનો દર્દીઓ સાજા થવાનો દર ૮૪.૧૨% ટકા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૬,૦૮,૮૫૭ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૬,૦૮,૪૩૭ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા છે. જ્યારે ૪૨૦ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૬૦૫૪ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૯૭ છે. જ્યારે ૧૫૯૫૭ લોકો સ્ટેબલ છે. ૧૦૨૫૭૧ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. ૩૩૦૫ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૧૬ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી સુરત ૪, અમદાવાદ કોર્પોરેશન ૩, અમરેલી ૧, ભાવનગર ૧, ભાવનગર કોર્પોરેશન ૧, ગાંધીનગર કોર્પોરેશન ૧, કચ્છ ૧, રાજકોટ કોર્પોરેશન ૧, સુરત કોર્પોરેશન ૧, વડોદરા ૧ અને વડોદરા કોર્પોરેશન ૧ સહિત કુલ ૧૬ લોકોનાં આજના દિવસમાં મોત નિપજ્યાં છે.

હાઈકોર્ટે જીપીએસસીને ૫ લાખનો દંડ ફટકાર્યો

યુવાઓના કરિયર સાથે ન રમી શકાયઃ હાઈકોર્ટ : લાયક ઉમેદવારને અપોઈનમેન્ટ આપવામાં જાણી જોઈને મોડું કરાતા હાઈકોર્ટે જીપીએસસીને ૫ લાખનો દંડ ફટકાર્યો

ગાંધીનગર, તા.૧૯

રાજ્યની ટોચની રિક્રૂટિંગ એજન્સી ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનને ગુજરાત હાઈકોર્ટે તમાચો મારીને પાઠ ભણાવવા માટે રૂપિયા ૫ લાખનો દંડ ફટકાર્યો છે. આ સાથે હાઈકોર્ટે કહ્યું કે, જરૂરના સમયે દેશના યુવાઓ બેકારીના માહોલમાં ફસાયેલા છે, ત્યારે એજન્સીએ જાણી જોઈને નિયમોનું ખોટું અર્થઘટન કરીને બેરોજગાર યુવાઓના કરિયર સાથે ન રમવું જોઈએ. ગુરુવારે જસ્ટીસ આશુતોષ શાસ્ત્રીએ જીપીએસસીનો ઉધડો લીધો હતો. કમિશનના અત્યાચારી અને વિચિત્ર અર્થઘટના કરવાના કારણે એક લાયક ઉમેદવારને અપોઈન્ટમેન્ટ મેળવવા માટે વારંવાર કોર્ટમાં જવું પડી રહ્યું હતું. કોર્ટે એજન્સીને દંડ કરતા કહ્યું કે, 'રિસ્પોન્ડન્ટ નં.૪એ સામેથી જાગૃત થઈને સંબંધીત અધિકારી સામે પગલા લેવા જોઈએ જે બેરોજગાર ઉમેદવારને વારંવાર કોર્ટમાં આવવા માટે મજબૂર કરે છે. કોર્ટ જીપીએસસી પાસેથી કેટલાક જરૂરી પગલાં ભરતા ગંભીર એક્શન લેવાની આશા રાખે છે.

આ સમગ્ર કેસ પશુચિકિત્સા ડોક્ટર નિતેશકુમાર ચૌધરી સાથે સંબંધીત છે, જે જીપીએસસી દ્વારા ૨૦૧૮માં તૈયાર કરાયેલા પશુચિકિત્સા ઓફિસરના વેઈટ લિસ્ટમાં પહેલા નંબરે હતો. એક સિલેક્ટેડ ઉમેદવારે પોતાની નોકરી પરથી રાજીનામું આપતા આ પોસ્ટ ખાલી થઈ. ચૌધરીએ જીપીએસસીને પોતાની ઉમેદવારી વિશે યાદ કરાવ્યું, પરંતુ કશું ન થયું. આ બાદ તે હાઈકોર્ટમાં પહોંચ્યા અને જીપીએસસીએ ખાતરી આપી કે તેઓ કોઈ એક્શન લેશે. જોકે તેમ છતાં પણ કોઈ પગલા ભરવામાં ન આવ્યા અને ચૌધરી વર્ષમાં બીજી વખત કોર્ટમાં પહોંચ્યો હતો.જીપીએસસીએ સર્ક્યુલરની વિવિધ જોગવાઈઓનો ઉલ્લેખ કર્યો અને એવી દલીલ કરી કે ચૌધરીની લાયકાતની આકારણવી કરવી જરૂરી છે.

ગુસ્સે થયેલા કોર્ટે નોંધ્યું કે, કોર્ટ માટે આ ખૂબ જ અચંબિત કરનારી બાબત છે કે પબ્લિક એમ્પલોયમેન્ટ સાથે જોડાયેલું કમિશન કાયદામાં દંડની મુક્તિ માટે ઈચ્છા મુજબ તેનું અર્થઘટન કરે છે. આ ખોટું અર્થઘટન કરવાના કારણે અરજકર્તા વારંવાર કોર્ટમાં પહોંચે છે અને તેને કાયદાની રીતે અપોઈનમેન્ટ મળવાના દાવાને ૧૦થી૧૧ મહિનાનો સમય વેડફાઈ ગયો.

ગોધરામાં ૩૨૫ કરોડના ખર્ચે મેડીકલ કોલેજ બનશે

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ દ્વારા જાહેરાત : વિદ્યાર્થીને રહેવાની સુવિધા ઉપલબ્ધ કરાવવા હોસ્ટેલના નિર્માણ માટે ૨૦ એકર જમીન ફાળવવામાં આવી

ગાંધીનગર,તા.૧૯

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યુ છે કે, રાજયમાં પ્રજાજનોને આરોગ્ય સવલતોનો વ્યાપ વધે તેમજ ઘર આંગણે તબીબી શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે રાજય સરકારે અનેકવિધ પગલા લીધા છે. કેન્દ્ર સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા દેશના ૭૫ જિલ્લાઓમાં કે જયાં મેડીકલ કોલેજો નથી તે માટે દરખાસ્તો મંગાવાઈ હતી તેમાં ગુજરાતના ૫ જિલ્લાઓમાં મેડીકલ કોલેજ સ્થાપવા માટે દરખાસ્ત કરાઈ હતી. તે પૈકી અગાઉ રાજયના નર્મદા, નવસારી અને પોરબંદર જિલ્લા ખાતે નવી મેડીકલ કોલેજો સ્થાપવા માટે કેન્દ્ર સરકારે મંજુરી આપી દીધી છે. આજે પંચમહાલ જિલ્લાના ગોધરા ખાતે રૂ. ૩૨૫ કરોડના ખર્ચે નવી મેડીકલ કોલેજ સ્થાપવા માટે કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. નાયબ મુખ્યમંત્રી પટેલે આ અંગે વધુ વિગતો આપતા જણાવ્યુ હતું કે, કેન્દ્ર સરકારે રાજયોમાં સરકારી મેડીકલ કોલેજોની એમબીબીએસની સીટોમાં વધારો કરવા અંગેની યોજના અમલમાં મુકી છે. જેનો લાભ લઈ ગુજરાત સરકારે એમબીબીએસની બેઠકો વધારવા માટે અને દર્દીઓને વધુ સારી સારવાર અને સુવિધા મળે તે માટે દરખાસ્ત કરેલ. રાજયમાં નિર્માણ થનાર આ કોલેજમાં ભારત સરકારના ૬૦ % લેખે રૂ.૧૯૫ કરોડ તથા રાજય સરકારના ૪૦ % લેખે રૂ.૧૩૫ કરોડ મળી કુલ રૂ. ૩૨૫ કરોડના ખર્ચે ગોધરા ખાતે આ કોલેજ કાર્યરત કરાશે. જેમાં હયાત હોસ્પિટલનું અપગ્રેડેશન કરીને ખૂટતા સાધનો તથા મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના ધારાધોરણ મુજબની સગવડો ઉપલબ્ધ કરાવીને પ્રથમ તબક્કે ૩૦૦ પથારીની સુવિધા ઉપલબ્ધ બનશે. આ કોલેજમાં પ્રથમ વર્ષે ૧૦૦ બેઠકો પર વિદ્યાર્થીઓને મેડીકલના અભ્યાસ માટે પ્રવેશ અપાશે.

સાબરકાંઠામાં કોરોનાના વધુ ૧૧ કેસ નોંધાયા

હિંમતનગર, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના પોઝીટીવના નવા ૧૧ કેસ ઉમેરાયા છે ત્યારે તેની સાથે કુલ આંકડો ૮૩૭ પહોંચી ગયો છે. જોકે જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા ૯૯ પર સ્થિર થઈ છે.

જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન જે નવા ૧૧ કેસ ઉમેરાયા છે તે અંગે આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ હિંમતનગરની માણેકકૃપા સ્કૂલ પાસે રહેતા ૫૭ વર્ષીય મહિલા, વૈષ્ણોદેવી પાર્કમાં ૪૮ વર્ષીય પુરૂષ, જીવનધારા સોસાયટીમાં ૬૨ વર્ષીય પુરૂષ જ્યારે શ્રીનગર સોસાયટીમાં રહેતા ૩૭ વર્ષીય પુરૂષનો શનિવારે કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તેજ પ્રમાણે ઈડરમાં આવેલ વંદન સોસાયટીમાં ૬૦ વર્ષીય પુરૂષ, તાલુકાના કેશરપુરા ગામમાં ૬૯ વર્ષીય પુરૂષ, દાવડમાં ૩૨ વર્ષીય મહિલા, દલજીતપુરામાં ૩૬ વર્ષીય પુરૂષ અને ફલાસણ ગામમાં રહેતા ૪૫ વર્ષીય પુરૂષનો રીપોર્ટ પણ કોરોના પોઝીટીવ આવ્યો છે.

તેજ પ્રમાણે પોશીના તાલુકાના પડાપાઠ ગામમાં ૪૯ વર્ષીય પુરૂષ અને પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામમાં ૪૦ વર્ષીય પુરૂષનો રીપોર્ટ પોઝીટીવ આવતા તેમના પરીવારના સભ્યોને હોમકોરોન્ટાઈન થઈ જવા માટે વહિવટીતંત્ર દ્વારા આદેશ કરાયા છે. જિલ્લામાં અત્યારે એક્ટીવ કેસની સંખ્યા ૯૯ છે. અને કોરોના પોઝીટીવનો કુલ આંક ૮૩૭ થવા જાય છે ત્યારે તે પૈકી અત્યાર સુધીમાં ૭૨૯ લોકોને વિવિધ હોસ્પિટલોમાંથી ડીસ્ચાર્જ અપાયા છે.

વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતમાં ''પ્રજ્ઞાપીઠમ'' યુ.પી.એસ.સી. ટ્રેઈનિંગ સેન્ટરનું ઈ-લોકાર્પણ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબેન દવેની ઉપસ્થિતિમાં આજે ગુજરાત યુનિવર્સિટીમાં ''પ્રજ્ઞાપીઠમ'' યુ.પી.એસ.સી. ટ્રેઈનિંગ સેન્ટરનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. આ અવસરે વીડિયો કોન્ફરન્સથી સંબોધતા રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે સક્રિય, સંવેદનશીલ અને સજાગ બ્યૂરોક્રેસીના કારણે લોકશાહી વધુ મજબૂત બને છે. આજે લોકાર્પિત થયેલા યુ.પી.એસ.સી. ટ્રેઈનિંગ સેન્ટરથી રાજ્યમાં યુવાનોને કેન્દ્રીય સેવાઓમાં જોડાવા માટેની વધુ તકો ઉપલબ્ધ બનશે.

ખબરઅંતર પુછી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પૂર્વ મુખ્યમંત્રી કેશુબાપાની સારવાર માટે રાજ્ય સરકારે તેમના નિવાસસ્થાને એક ખાસ તબીબની નિમણુંક કરી છે. ૯૩ વર્ષીય કેશુબાપા હાલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. તેમની સાથે સતત રહેતા શેતલ પંડ્યા પણ સંક્રમિત થયા છે. તેઓનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીએ ગઈકાલે જ બાપાના પુત્ર સાથે બાપાની સારવારને લઈ વાતચીતો કરી હતી. તેમણે પણ બાપા સાથે અલગથી વાત કરી હતી.

અંતિમ તબક્કામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એનસીઓવીની ટ્રાયલ પણ અંતિમ તબક્કામાં છે. વૈજ્ઞાનિકો કહે છે કે રસી ડિસેમ્બર સુધીમાં બજારમાં આવી શકે છે. આ સિવાય ચીનમાં સિનોવાક બાયોટેક ફાર્મા કંપનીની કોરોનાવેક રસીની ટ્રાયલ પણ ચાલી રહી છે. વર્ષના અંત સુધીમાં આ રસી બજારમાં રજૂ કરવામાં આવે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. રશિયાના ગમાલેયા રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની કોરોના રસીની ટ્રાયલ અંતિમ તબક્કામાં ચાલી રહી છે. જોકે, રશિયાએ ઓગસ્ટમાં સ્પુટનિક વીની રસી પણ શરૂ કરી હતી. ભારતના ડૉ.રેડ્ડીઝ લેબે આ રસી માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે અને કંપનીએ ૧૦૦ મિલિયન ડોઝ આપવાનું વચન આપ્યું છે. જ્હોન્સન એન્ડ જ્હોન્સન ફાર્મા કંપનીએ હજી ત્રીજા તબક્કાની ટ્રાયલ શરૂ કરી નથી પરંતુ ટૂંક સમયમાં શરૂ કરવાની યોજના છે. કંપનીએ યુકે સાથે કરાર કર્યો છે જે હેઠળ ૧૦૦ મિલિયન ડોઝ યુકેને આપવામાં આવશે. મોડર્નાની રસી પણ ટ્રાયલના છેલ્લા તબક્કામાં ચાલી રહી છે. તે એક અમેરિકન કંપની છે. ૩૦ હજારથી વધુ લોકો તેની ટ્રાયલમાં સામેલ કરાયા હતા. કંપનીની રસી ડિસેમ્બર સુધીમાં મળે તેવી યોજના છે.

વાવણી કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વચ્ચે પણ લાલ રંગના ફુલો નિખરશે. વનતંત્ર દ્વારા શહેરને હરિયાળુ બનાવવા માટે નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. વરસાદી દિવસો દરમિયાન તેમજ વન મહોત્સવ અન્વયે પણ શહેરમાં નવા રોપાઓની વાવણી કરી તેના યોગ્ય ઉછેર માટે પણ આયોજન કરાયુ છે. શહેરના વિવિધ માર્ગોની આસપાસ પણ કલરકોડ મુજબ નવા રોપાઓની વાવણી કરવામાં આવી છે. નગરના જ માર્ગ પર સેન્ટ્રલ વર્જમાં પામ ટ્રીના રોપાઓની વાવણી પણ અગાઉ કરવામાં આવી હતી. જયારે જ માર્ગ આસપાસ રંગબેરંગી ફુલો નિખરે તે માટે પણ નવા રોપાઓની વાવણી કરાઈ હતી. જયારે હવે વિધાનસભાના ગેટ નં-૨ અને ગેટ નં-૩ થી જ માર્ગને જોડતા માર્ગ પર વનતંત્ર દ્વારા બોટલબ્રશ રોપાઓની વાવણી કરવામાં આવી છે. આ ઉપરાંત જ માર્ગ પર બન્ને સાઈટ પર આ મુજબના બોટલ બ્રશ રોપાઓની વાવણી કરવામાં આવશે. નવા અને જુના સચિવાલયને જોડતા માર્ગ વચ્ચે પણ આ પ્રકારના રોપાઓની વાવણી કરાશે રોપાઓના ઉછેર વચ્ચે માર્ગની રોનક નિખરશે બોટલ બ્રશના વાવેતર બાદ આ વિસ્તારમાં લાલરંગના ફુલો નિખરશે. આ કાર્યયોજનાને અનુલક્ષી વનતંત્રએ મંજુરી આપી દીધી છે. જયારે પ્રકારના રોપાઓની વાવણી માટે અંદાજિત રૂ ૪૦ લાખનો ખર્ચ કરાશે. બોટલબ્રશ રોપાઓનો યોગ્ય ઉછેર થાય તેમજ તેની ત્રણ વર્ષની જાળવણી પણ યોગ્ય રીતે થાય તેનો પણ ખ્યાલ રખાશે. રોપાઓને અનુલક્ષી ટ્રી ગાર્ડ પણ મુકવામાં આવશે. બોટલ બ્રશ રોપાઓની વાવણી પણ સોમવારથી શરૂ કરી દેવાશે.

નોટીસ ફટકારી... ● અનુસંધાન છેલ્લાનું ચાલ

સેન્ટરોની તપાસ હાથ ધરાઈ હતી. આ વિસ્તારોના ૧૬૬૯ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ દરમ્યાન ૭૪ જગ્યાએ મચ્છરોના પોરા મળી આવ્યા હતા. તંત્રએ ૧ ઔદ્યોગિક વિસ્તાર-વસાહત અને કોમર્શિયલ સેન્ટરને નોટીસ થમાવી હતી. દહેગામ તાલુકામાં ૫૩ જેટલા ઔદ્યોગિક વિસ્તાર-વસાહતની તપાસ કરાઈ હતી. જેમાં ૫૦૩ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસમાં ૬ જગ્યાએ મચ્છરોના પોરા મળ્યા હતા. ૧ જગ્યાએ ભારે બ્રિડીંગ મળતાં નોટીસ ફટકારી હતી. કલોલ તાલુકાના ૪૪ ઔદ્યોગિક વિસ્તાર વસાહતની તપાસ હાથ ધરાઈ હતી. જેમાં ૬૦૮ સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી દરમ્યાન ૧૦૬ સ્થાનોએ મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. માણસા તાલુકામાં ૧૨૭ જેટલા ઔદ્યોગિક-વિસ્તાર-વસાહત અને કોમર્શિયલ કોન્પલેક્ષની તપાસ તંત્રની ટીમ દ્વારા હાથ ધરાઈ હતી. જેમાં ૧૨૦૮ જેટલા સંભવિત ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી દરમ્યાન ૫૬ સ્થાનો પર પોરા જોવા મળ્યા હતા. ૧૨ જેટલા ઔદ્યોગિક-વિસ્તાર વસાહતના સંચાલકોને તંત્રની ટીમોએ નોટીસ ફટકારી છે.

વધુ ૧૮ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ સેક્ટરમાં જ રહેતા અને ગોધરા સિવિલમાં નોકરી કરતા ૩૨ વર્ષીય તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સેક્ટર-૫ માં રહેતા અને ગાંધીનગરમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજો બજાવતા ૫૭ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. નેટવર્ક એન્જીનીયર તરીકે નોકરી કરતા અને સે. ૨૪ માં રહેતા ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૪ માંથી પણ આજે વધુ ૨ કેસ મળી આવ્યા છે. રમત-ગમત વિભાગમાં જુનિ. ક્લાર્ક તરીકે નોકરી કરતા અને સે. ૪ માં રહેતા ૨૯ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ઈન્ટાઝ ફાર્મામાં મેનેજર તરીકે નોકરી કરતા અને સે. ૪ માં રહેતા ૩૪ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૮ માંથી પણ આજે બે કેસ મળ્યા છે. સે. ૮ માંથી એક ૩૨ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત પોલીસભવનમાં એકાઉન્ટ ઓફિસર તરીકે ફરજો બજાવતા ૫૩ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. હોમીયોપેથી તબીબ તરીકે ફરજો બજાવતા અને સે. ૨૯ માં રહેતા ૪૫ વર્ષીય તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગાંધીનગરના સેક્ટર-૩૦માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે તેથી તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. સે. ૩૦માંથી એક ૭૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૩૦ માં રહેતા અને ખાનગી ચેનલમાં નોકરી કરતા ૫૦ વર્ષીય પત્રકારનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ પત્રકારે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૩૦માં રહેતા અને મંત્રીશ્રીના કાર્યાલયમાં પી.એ. તરીકેનો કાર્યભાર સંભાળતા ૪૦ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૭ માં રહેતા એક ૧૧ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજો બજાવતા અને સે. ૨૧માં રહેતા ૪૦ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ જવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં કોવિડ-૧૯ના સંક્રમણના કેસો જે ઝડપે વધી રહ્યા છે તેને લઈ તંત્રમાં ચિંતાની લાગણી તીવ્ર બની છે. કોરોના તેના ત્રીજા તબક્કામાં પ્રવેશ્યો હોવાનું હવે સ્પષ્ટ થઈ રહ્યું છે. આજે શહેરમાં નોંધાયેલા દર્દીઓ પૈકી વધુ ૧૩ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૯૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશન હેઠળ સારવારમાં છે.

વધુ ૨૧ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૩ કેસ અને અર્બન વિસ્તારમાંથી એક કેસ મળી કુલ ૪ કેસ નોંધાયા છે. માણસા અર્બનમાંથી એક ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા તાલુકાના ઈટાદરા ગામેથી ૨૯ વર્ષીય યુવાન, સૌલૈયા ગામેથી ૬૫ વર્ષીય પુરૂષ તેમજ માણેકપુર ગામેથી ૫૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. કલોલ તાલુકામાંથી પણ આજે ૪ કેસ નોંધાયા છે જેમાં ૩ ગ્રામ્ય વિસ્તારમાંથી અને કલોલ અર્બન વિસ્તારમાંથી કેસ નોંધાયો છે. કલોલના બોરીસણા ગામેથી ૫૫ વર્ષીય પુરૂષ, ૫૯ વર્ષીય પુરૂષ, રાંચરડા ગામેથી ૫૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંચરડામાંથી મળી આવેલ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૭૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૨૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આજ સુધીમાં ૧૬૮૦ દર્દીઓ કોરોના મુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૨૧૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે આજે ૧૪,૯૯૨ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ડીસામાં ચોરીના આઠ બાઈક સાથે બે ઈસમોની અટકાયત

ડીસા, તા. ૧૯

સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં કોરોના મહામારી વચ્ચે વાહન ચોરીના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થતાં પોલીસ પણ સક્રિય બની છે અને રીઢા વાહન ચોરોને ઝડપી પાડવામાં નોંધપાત્ર સફળતા મળી છે જેમાં બે દિવસ અગાઉ ઉત્તર પોલીસની ટીમે આંતર રાજ્ય વાહન ચોરી કરતી ગેંગને ઝડપ્યા બાદ દક્ષિણ પોલીસે પણ ચોરીના આઠ બાઈકો સાથે બે ઈસમોને ઝડપી પાડયા છે.

જિલ્લા પોલીસ વડા અને શહેર દક્ષિણ પી.આઈ. બી. વી. પટેલના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. ટી. એચ. પરમાર સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન રાજમંદિર ચાર રસ્તા પાસેથી એક શંકાસ્પદ હોન્ડા સાઈન નંબર પ્લેટ વગરના બાઈક સાથે બે ઈસમો ઝડપાયા હતા. જેઓની પુછપરછ કરતા તેઓએ અલગ અલગ સમયે અલગ અલગ સ્થળેથી કુલ ૮ (આઠ) બાઈક ચોરી કરી ગોલગામ, તા.વાવ, જી. બનાસકાંઠા મુકામે સહ આરોપીના ખેતરમાં આવેલ ઘરે સંતાડી રાખેલ. જે બાઈક સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબજે કરવામાં આવેલ અને પકડેલ ઈસમોને સી.આર.પી.સી. કલમ ૪૧ (૧) ડી મુજબ તા.૧૮-૯-૨૦૨૦ ના રોજ અટક કરવામાં આવેલ. જેમની વધુ પૂછપરછમાં અન્ય બાઈક ચોરીના ગુનાનો ભેદ ઉકેલાવાની સંભાવના પોલીસે વ્યક્ત કરી હતી.

હિંમતનગર નજીકની રેતીની ચોરી કરતા છ વાહનો જપ્ત

સાબરકાંઠા જિલ્લામાં બિનઅધિકૃત ખનીજ/ખોદકામ તથા તેનુ વહન કરતા તત્વો સામે ખાણ ખનીજ વિભાગે શુક્રવારે મોડી રાત્રે સપાટો બોલાવીને રેતીની ચોરી કરતા છ વાહનો જપ્ત કરી લીધા હતા. જોકે અધિકારીઓને જોઈને ચાર વાહનના ચાલકો ફરાર થઈ ગયા હતો.

ખાણ-ખનીજ વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા જિલ્લામાં ખનીજ માફીયાઓને ડામવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે ત્યારે ભૂસ્તરશાસ્ત્રી સુભાષ જોષીની સુચનાથી છેલ્લા અઠવાડીયાથી ખનીજ ચોરી કરતા લોકો પર નજર રાખવામાં આવી હતી. થોડા દિવસ અગાઉ ખનીજ ચોરી કરવાના બદઈરાદાથી વોટ્સએપ ગ્રુપ દ્વારા ખનીજ માફીયાઓ તંત્રની હિલચાલ જાણી લેતા હતા. શુક્રવારે મોડી રાત્રે હિંમતનગર-દેરોલ રોડ પર આકસ્મિક વાહન ચેકીંગ શરૂ કરવામાં આવ્યુ હતુ જેને લઈને ખનીજ માફીયાઓમાં સોંપો પડી ગયો હતો.

બીજી તરફ ખનીજ માફીયાઓને તેમના બાતમીદારો દ્વારા ચેકીંગની માહિતી મળી જતા કેટલાક વાહન ચાલકો તેમના વાહનો નજીકની હોટલો પર મુકીને નાસી ગયા હતા. તેમ છતા દેરોલ હાઈવે પરની હોટલ અપ્સરાના કેમ્પસમાંથી બિનઅધિકૃત ખનીજ વહન કરતા છ વાહનોને પકડી લેવામાં આવ્યા હતા અને અંદાજે રૂ. ૧ કરોડથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરાતા ખનીજ માફીયાઓમાં ભય ફેલાઈ ગયો હતો. ત્યારબાદ ખાણખનીજ વિભાગના અધિકારીઓએ પકડાયેલા આ છ વાહનોને સીઝ કરીને નજીકના પોલીસ સ્ટેશનમાં મુકાવી દેવામાં આવ્યા હતા.

રિકવરી રેટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારના નેતૃત્વ હેઠળ આક્રમક સ્ક્રિનિંગ દ્વારા દર્દીઓની ઝડપથી ઓળખ કરવા માટે કેન્દ્રિત, વ્યવસ્થિત અને અસરકારક પગલાં, ઝડપી દેખરેખ અને ધોરણસરની ઉચ્ચ ગુણવત્તા ક્લિનિકલ કેરને કારણે આ વૈશ્વિક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. મંત્રાલયે શનિવારે સવારે આઠ વાગ્યે જાહેર કરેલા આંકડા મુજબ, દેશમાં ૨૪ કલાકના સમયગાળામાં ૯૫,૮૮૦ લોકો ના કોવિડ -૧૯થી સ્વસ્થ થયા છે અને ૯૦ ટકા કેસ ૧૫ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાંથી આવ્યા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે રિકવરી પામેલા દર્દીઓમાં આશરે ૬૦ ટકા મહારાષ્ટ્ર, તામિલનાડુ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશના છે. આ પાંચ રાજ્યોમાં સૌથી વધુ કોરોનાના કેસ પણ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં, એક દિવસમાં ૨૨